GJSK190001072026

આંક–

:: **નમુના–અ** ::

| **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ.પોશીના, જીલ્લો – સાબરકાંઠા** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૯૨/૨૦૨૬ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૦૩૨૫૦૫૫૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ખેરોજ પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ફરીયાદીનું નામ :<br>કરણભાઇ વસ્તાભાઈ પરમાર<br>રહે.માલવાસ, તા.ખેડબ્રહમા |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. પટેલ |
| આરોપી પક્ષ | આરોપીનું નામ :<br>શૈલેષભાઇ રામજીભાઇ પરમાર<br>રહે.દેમતીમેરા, તા.પોશીના |
| રજુઆત | વિ.વ.શ્રી એન.એન. ધ્રાંગી |

:: **નમુના–બ** ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૧૦/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૧૦/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

**:: આરોપીની વિગત ::**

| અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જમીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શૈલેષભાઇ રામજીભાઇ પરમાર | ૧૨/ ૧૧/ ૨૫ | ૧૨/ ૧૧/ ૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪ | નિર્દોષ | – | – |

**:: નમુના–ક ::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદપક્ષના સાક્ષી**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | કરણાભાઇ વસ્તાભાઇ પરમાર | ફરીયાદી |
| ફ.સ.ર | દીવણભાઇ જોનાભાઇ પરમાર | પંચ સાહેદ |
| ફ.સ.૩ | નરેશભાઇ કરણાભાઇ પરમાર | પંચ સાહેદ |
| ફ.સ.૪ | સંજયકુમાર રૂપાજી | ત.ક.અમલદાર |
| ફ.સ.૫ | ડો. રીતુ ચૌધરી | સાહેદ |

**બ. બચાવપક્ષના સાક્ષી**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | – | – |

**ક. ન્યાયાલયના સાક્ષી**

| **અ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**અ. ફરીયાદપક્ષના આંકની યાદી**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક– P1/PW1 | ફરીયાદ |
| ૨ | આંક– P1/PW2 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | આંક– P1/PW4 | સુચિપત્ર |
| ૪ | આંક– P2/PW4 | મેડીકલ સર્ટીફીકેટ |
| ૫ | આંક– P1/PW5 | ઓપીડી કેસ પેપર |
| ૬ | આંક– P2/PW5 | ફેરબદલી ફોર્મ |
| ૭ | આંક– P3/PW5 | એક્ષરે |
| ૮ | આંક– P4/PW5 | એક્ષરે રીપોર્ટ |

**બ. બચાવપક્ષના આંકની યાદી**

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક : બ–૧/બ.સ.૧ | – |

**ક. ન્યાયાલયના આંકની યાદી**

| **અ.નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક : ન્યા.–૧/ન્યા.સ.૧ | – |

**ડ. ભૌતિક પદાર્થ**

| **અ.નં.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ભૌ.પ.૧ | – |

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૩૦ વાગે મોજે માલવાસ ગામે પ્રાથમીક શાળા પાસે દેમતીમેરા ગામ તરફ જતા રોડ ઉપર પોતાના કબજાની રીક્ષા નં.જી.જે.૦૯.એ.એકસ.૮૦૫૩ ના ચાલકે પોતાના કબજાની રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લઇ આવી સાહેદ અંદર બેસેલ ફરીયાદીને નીચે પાડી દઇ જમણા પગની એડી પર તથા શરીરે ઇજાઓ કરી રીક્ષા લઇ નાસી જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, લાગતા

વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાજશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપી સમન્સની ધોરણસર બજવણી થઇ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કરી આરોપીએ આંક–૩ ના નિવેદનમાં આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૫ | ફરીયાદી કરણાભાઇ વસ્તાભાઇ પરમારની જુબાની |
| (૨) | આંક–૬ | પંચ સાહેદ દીવણભાઇ જોનાભાઇ પરમારની જુબાની |
| (૩) | આંક–૭ | સાહેદ નરેશભાઇ કરણાભાઇ પરમારની જુબાની |
| (૪) | આંક–૯ | ત.ક.અમલદાર સંજયકુમાર રૂપાજીની જુબાની |
| (૫) | આંક–૧૧ | સાહેદ ડો.રીતુ જગદીશભાઇ ચૌધરીની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | | |
|---|---|---|
| (૧) | આંક– P1/PW1 | ફરીયાદ |
| (૨) | આંક– P1/PW2 | ગુનાવાળી જગયાનું પંચનામું |
| (૩) | આંક– P1/PW4 | સુચિપત્ર |
| (૪) | આંક– P2/PW4 | મેડીકલ સર્ટીફીકેટ |
| (૫) | આંક– P1/PW5 | ઓપીડી કેસ પેપર |
| (૬) | આંક– P2/PW5 | ફેરબદલી ફોર્મ |
| (૭) | આંક– P1/PW5 | ઓપીડી કેસ પેપર |
| (૮) | આંક– P3/PW5 | એક્ષરે |
| (૯) | આંક– P4/PW5 | એક્ષરે રીપોર્ટ |

(૪) વધુમાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ વિશેષ નિવેદનની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અમો નિર્દોષ છીએ. દયા કરવા મે. થશો.

ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૫) કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ કલાક ૧૮–૩૦ વાગે મોજે માલવાસ ગામે પ્રાથમીક શાળા પાસે દેમતીમેરા ગામ તરફ જતા રોડ ઉપર પોતાના કબજાની રીક્ષા નં.જી.જે.૦૯.એ.એકસ.૮૦૫૩ ના ચાલકે પોતાના કબજાની રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લઇ આવી સાહેદ અંદર બેસેલ ફરીયાદીને નીચે પાડી દઇ જમણા પગની એડી પર તથા શરીરે ઇજાઓ કરી રીક્ષા લઇ નાસી જઇ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

## :: કારણો ::

**<u>મુદા નંબર–૧ :–</u>**

(૮) ફરીયાદ પક્ષ તરફે આ કામના ફરીયાદી કરણાભાઇ વસ્તાભાઇ પરમારને આંક–પ થી તપાસેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, બનાવ આજથી આશરે છએક માસ અગાઉ બનેલ. બનાવના દિવસે હું લાંબડીયા મુકામે કરીયાણાનો સામાન લેવા માટે ગયેલો અને સાંજના છએક વાગે રીક્ષા કે જેનો રજી.નં.જી.જે.૦૯ એ.એકસ ૮૦૫૩ માં બેસી લાંબડીયાથી મારા ઘરે પરત આવવા નીકળેલો અને આ રીક્ષામાં આશરે પાંચેક પેસેન્જર બેસેલ હતા. તે દરમ્યાન માલવાસ ગામે પ્રાથમીક શાળાની પાછળ જતા રીક્ષાના ચાલકે પોતાના કબજાની રીક્ષા ફુલ સ્પીડમાં હંકારતા હું રીક્ષામાંથી નીચે પડી ગયેલ અને આ રીક્ષા ચાલક શૈલેષભાઇ રામજીભાઇ પરમાર રહે.દેમતીમેરાનાઓ પોતાના કબજાની રીક્ષા લઇ જતા રહેલ. સદર બનાવમાં મને ઇજા થયેલ હોઇ સૈપ્રથમ લાંબડીયા સીવીલ હોસ્પીટલ અને ત્યાથી વધુ સારવાર માટે ખેડબ્રહમા સીવીલ હોસ્પીટલ અને ત્યાથી વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ થયેલ. મને સદર અકસ્માતમાં જમણા પગે એડીના ભાગે તથા શરીરે ઇજાઓ થયેલ. આરોપી વિરુધ્ધ મે ખેરોજ પો.સ્ટે ખાતે કાયદેસર થવા ફરીયાદ આપેલ. આજ રોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ. જે ફરીયાદને રજુ દાખલ આંક–P1/PW1 આપવામાં આવે છે. સદર અકસ્માત રીક્ષા ચાલકની બેદરકારી અને ભુલના કારણે બનેલ. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર હોઇ તો જોયેથી ઓળખી શકુ. આરોપી આજ રોજ નામ.કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે. સદર બનાવમાં મને જમણા પગે એડીના ભાગે ફ્રેકચર થયેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, જે રીક્ષામાં લાંબડીયાથી મારા ગામ માલવાસ જતો તે રીક્ષામાં બીજા પણ પેસેન્જરો બેસેલ હતા. એ વાત ખરી નથી કે, આ બનાવ કોની ભુલના કારણે બનેલ તે હું કહી શકુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલનો બનાવ આ કામના આરોપી શૈલેષભાઇ

રામજીભાઈની ભુલના કારણે બનેલો. એ વાત ખરી નથી કે, અકસ્માતમાં મને કોઇ ગંભીર ઈજાઓ થયેલ નહી. એ વાત ખરી છે કે, રીક્ષામાં બેસેલ બીજા મુસાફરોને ઈજા થયેલ નહી. એ વાત ખરી નથી કે, રીક્ષા કેટલી સ્પીડમાં જતી હતી તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, શાળાના પાછલા રસ્તે જમ્પ આવેલો છે. એ વાત ખરી છે કે, લાંબડીયાથી માલવાસ જતો રસ્તો એ હોઈવે રસ્તો નથી સીંગલ રસ્તો છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે સાધનો સહેલાઈથી નીકળી સકે તેવો રસ્તો છે. એ વાત ખરી નથી કે, રીક્ષા ડ્રાઈવર પુર ઝડપે અને દારૂ પીને પોતાની રીક્ષા ચલાવતો હોવાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, ફરીયાદ મે લેટ આપેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને વાગેલ હોઈ હું કેવી રીતે ફરીયાદ આપવા જવ. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે મને પગમાં ફ્રેકચર થયેલ અને ગંભીર ઈજાઓ થયેલ. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૯) ફરીયાદપક્ષ તરફે આ કામના પંચ સાહેદ દીવણભાઈ જોનાભાઈ પરમારને આંક-૬ થી સોગંદ ઉપર તપાસેલ છે. જેમાં તેઓ જણાવેલ છે કે, પોલીસે અમોને આજથી આશરે છએક માસ અગાઉ માલવાસ ગામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે બોલાવેલા અને ત્યા હાજર ફરીયાદી રણાભાઈનાઓએ આગળ ચાલી ગુન્હાવાળી જગ્યા બતાવેલ અને પોલીસે અમારી હાજરીમાં અમારી પુછ પરછ કરી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ લખેલ અને અમોને વાંચી સંભળાવેલ. ત્યાર બાદ સહી કરવાનું કહેતા ડાબા હાથના અંગુઠાનું નિશાન કરેલ. આજ રોજ મને ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમા પંચ નં.૧ તરીકે મારા ડાબા હાથના અંગુઠાનું નિશાન ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક-P1/PW2 આપવામાં આવે છે. પંચનામા વખતે મારી સાથે બીજા પંચ નામે મોહનભાઈ ભાડુભાઈ સોલંકીનાઓ પણ હાજર હતા અને તેઓએ પંચનામામાં સહી કરેલ જે સહી હું ઓળખુ છુ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા મે અંગુઠાનું નિશાન કરેલું તે સીવાય બીજી કોઇ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી મારા કુટુંબી થાય છે. એ વાત ખરી નથી કે, ગુન્હાવાળી જગ્યાની ચારે દીશાએ શુ આવેલુ છે તે કહી ના સકુ. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, બનાવ સ્થળે મને લોહીના કે અન્ય કોઇ નિશાન જોવા મળેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી મારા કાકાના દીકરા ભાઇ થતા હોઇ તેઓના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૦) ફરીયાદપક્ષ તરફે આ કામના સાહેદ નરેશભાઇ કરણાભાઇ પરમારને આંક–૭ થી તપાસેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, હું ભણેલ નથી. આ કામના ફરીયાદી મારા પિતા થાય છે. બનાવ આજથી આશરે છએક માસ અગાઉ બનેલ. બનાવ વખતે હું મારા ઘરે હાજર હતો. બનાવની જાણ મને મારા પિતાએ ઘરે આવીને કરેલ અને જણાવેલ કે બનાવના દિવસે હું લાંબડીયા મુકામે કરીયાણાનો સામાન લેવા માટે ગયેલો અને સાંજના છએક વાગે રીક્ષા કે જેનો રજી.નં.જી.જે.૦૯ એ.એકસ ૮૦૫૩ માં બેસી લાંબડીયાથી મારા ઘરે પરત આવવા નીકળેલો અને આ રીક્ષામાં આશરે પાંચેક પેસેન્જર બેસેલ હતા. તે દરમ્યાન માલવાસ ગામે પ્રાથમીક શાળાની પાછળ જતા રીક્ષાના ચાલકે પોતાના કબજાની રીક્ષા કુલ સ્પીડમાં હંકારતા હું રીક્ષામાંથી નીચે પડી ગયેલ અને આ રીક્ષા ચાલક શૈલેષભાઇ રામજીભાઇ પરમાર રહે.દેમતીમેરાનાઓ પોતાના કબજાની રીક્ષા લઇ જતા રહેલ. સદર બનાવમાં મારા પિતાને ઇજા થયેલ હોઇ સૈપ્રથમ લાંબડીયા સીવીલ હોસ્પીટલ અને ત્યાથી વધુ સારવાર માટે ખેડબ્રહમા સીવીલ હોસ્પીટલ અને ત્યાથી વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ થયેલ. મારા પિતાને સદર અકસ્માતમાં જમણા પગે એડીના ભાગે તથા શરીરે ઇજાઓ થયેલ. આરોપી વિરુધ્ધ મારા પિતાએ ખેરોજ પો.સ્ટે ખાતે કાયદેસર થવા ફરીયાદ આપેલ. ફરીયાદના કામે પોલીસે મારો જવાબ લીધેલ. સદર અકસ્માત રીક્ષા

ચાલકની બેદરકારી અને ભુલના કારણે બનેલ. સદર બનાવમાં મારા પિતાને જમણા પગે એડીના ભાગે ફ્રેકચર થયેલ.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવ બનતો મે નજરો નજર જોયેલ નથી સદર બનાવની જાણ મને મારા પિતાએ કરેલ.

(૧૧) ફરીયાદપક્ષ તરફે આ કામના ત.ક.અમલદાર સંજયકુમાર રૂપાજીને આંક-૯ થી તપાસેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ હું ખેરોજ પો.સ્ટે માં અ.હે.કો તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે પી.એસ.ઓ કપુરભાઇ દીતાભાઇનાઓએ મને સુચિપત્રથી બી.એન.એસ કલમ-૨૮૧, ૧૨૫(એ), તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪, મુજબના ગુન્હાની તપાસ સોંપતા મે તપાસ સંભાળી લીધેલ. જે અસલ સુચિપત્ર રજુ કરુ છુ જેમાં પી.એસ.ઓની સહી ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક-P1/PW4 આપવામાં આવે છે. ત્યાર બાદ અમોએ તપાસ સંભાળી સૌપ્રથમ બનાવવાળી જગ્યાનું સ્વતત્ર પંચોની રૂબરુમાં પંચનામુ કરેલુ અને તે પંચનામામા પંચોની સહી/અંગુઠાનુ નિશાન કરાવી રૂબરુ તરીકે મે મારી સહી કરેલ. ત્યારબાદ ગુન્હાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ અને ભોગ બનનાર ફરીયાદી કરણાભાઇનું ઇન્જરી સર્ટીફીકેટ મેળવી ગુન્હાના કામે સામેલ રાખેલ. જે અસલ સર્ટીફીકેટ આજ રોજ રજુ કરુ છુ. જેને રજુ દાખલ આંક-P2/PW4 આપવામાં આવે છે. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડેલ હોઇ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે હું ઓળખુ છુ. જે આજ રોજ નામ.કોર્ટ હાજર નથી. જો આરોપી હાજર હોય તો જોયેથી ઓળખી સકુ. બચાવપક્ષે ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ રોડ ઉપર બનેલ છે. એ વાત ખરી છે કે, રોડ ઉપર ઘણાબધા સાધનોની અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે, બનાવ બન્યો તેની આજુ બાજુ મકાનો આવેલ છે.

સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દુકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, મે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, મે જે પંચનામુ કરેલ તે મે સ્વતંત્ર પંચોની રૂબરુમાં કરેલ નથી પરંતુ મારી મનસ્વી રીતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો ન હોવા છતા ખોટું ચાર્ઝશીટ કરેલ છે.

(૧૨) ફરીયાદપક્ષ તરફે આ કામના સાહેદ ડો.રીતુબેન જગદીશભાઇ ચૌધરીને આંક-૧૧ થી તપાસેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૧૨/૧૦/૨૦૨૫ ના રોજ હું મેડી.ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ, હિંમતનગર ખાતે મારી ફરજ બજાવતી હતી ત્યારે બપોરે ૧-૧૫ કલાકે દર્દી નામે કરણભાઈ વસ્તાભાઈ પરમાર, ઉ.વ.૫૦, રહે.માલવાસ, તા.પોશીના પોલીસ યાદી વગર મારી સમક્ષ સારવાર માટે આવેલા અને તેઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપેલ. જે ઓ.પી.ડી. કેસ પેપર રજુ કરૂ છું. જે મારા હસ્તાક્ષરમાં છે. જેને રજુ દાખલ આંક-P1/PW5 આપવામાં આવે છે. સદરહુ ઓ.પી.ડી. કેસ પેપર જોતાં તેમાં દર્દીએ હીસ્ટી જણાવેલ છે કે, તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ સાંજે ૬ વાગે માલવાસ ગામે રોડ ટ્રાફીક એકસીડન્ટથી ઈજા થયેલ છે. સદર દર્દી સ્વસ્થ અને સભાન અવસ્થામાં હતા. સદર દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ થયેલ. ઈજા નં.૧ જમણા પગે પંજા અને ઘુંટીના ભાગે સોજો અને દુખાવો હતો. ઈજા નં.૨ ડાબા ખભાના ભાગે ૨ x ૨ સે.મી. નો ઘસરકો હતો. સદર દર્દીને ખેડબ્રહમા સીવીલ હોસ્પીટલથી રીફર કરેલા હતા. જે ફેરબદલી ફોર્મ રજુ કરુ છું. જેને રજુ દાખલ આંક-P2/PW5 આપવામાં આવે છે. સદરહુ દર્દીને પ્રાથમીક સારવાર મે કરેલી. સદર દર્દીના એક્ષરે કઢાવતાં તેનો છાતીનો એક્ષરે નોર્મલ હતો અને જમણા પગનો એક્ષરે કઢાવતાં તેમાં જમણા પગમાં ઘુંટીના ભાગે ટીબીયાના જમણા ભાગે ફેકચર જણાયેલ. જેથી સદર દર્દીને ઓર્થોપેડીક ડીપાર્ટમેન્ટમાં સારવાર અર્થે રીફર કરેલ. જે એક્ષરે નં.૬૩૧૦૪ રજુ કરુ છું. જેને રજુ દાખલ આંક-P3/PW5 આપવામાં આવે છે તથા એક્ષરે રીપોર્ટ રજુ કરુ છુ. જેમાં રેડીયોલોજીસ્ટ ડો.ભુમી તથા ડો.તમન્ના નાઓએ આપેલ રીપોર્ટ છે. જેમાં દર્દીના જમણા પગના ઘુંટીના ભાગે ટીબીયાના જમણા ભાગે ફેકચર થયેલાનું

જણાવેલ છે. જેને રજુ દાખલ આંક–P4/PW5 આપવામાં આવે છે. સદર દર્દીને થયેલ ઈજા નં.૧ ગંભીર પ્રકારની તથા ઈજા નં.ર સામાન્ય પ્રકારની હતી અને બંને ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. મારા મત મુજબ રોડ ટ્રાફીક એકસીડન્ટમાં ઉપરોકત બંને ઈજાઓ સંભવી શકે તેવી હતી. મને આંક– P2/PW4 વાળું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં લખાયેલ છે અને જેમાં મારા હોદાનો સીકકો છે અને તેમાં મે સહી કરેલ છે તે તે જ છે.

આ સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, હું એમ.બી.બી.એસ. છું. મને મેડીકલ ઓફીસર તરીકે એક વર્ષનો અનુભવ છે. હું મેડીકલ ઓફીસર તરીકે હંગામી ધોરણે સેવા આપતી હતી. એ વાત ખરી નથી કે, મે જે ઈજા નં.૧ દર્શાવેલી છે તે કાલ્પનીક હોઈ શકે. એ વાત ખરી છે કે, ઈજા નં.ર કોઈ વ્યકિત ડામરના ખરબચડા રોડ ઉપર જતો હોય અને પડી જાય તો થઈ શકે તેવા પ્રકારની છે. એ વાત ખરી છે કે, એક્ષરે મે જાતે કાઢેલા નથી, તે રેડીયોલોજીસ્ટે કાઢેલા. એ વાત ખરી છે કે, મે મારા સર્ટીફીકેટમાં છાતીનો એક્ષરે નોર્મલ આવેલ છે તેવું લખેલ છે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત રોડ ઉપર જતો હોય અને રોડ ઉપર ખાડો આવે અને તેનો પગ ફસાઈ જાય અને તે પગ નીકાળવા જાય તો ઈજા નં.૧ થઈ શકવાનો સંભવ છે. એ વાત ખરી છે કે, મારા સર્ટીફીકેટમાં મે દર્દીની કોઈ સહી કે અંગુઠાનું નિશાન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, દર્દીને કોઈ ગંભીર પ્રકારની ઈજા ન હતી, સામાન્ય પ્રકારની ઈજા હતી. એ વાત ખરી નથી કે, મે મારા સર્ટીફીકેટમાં હીસ્ટ્રી જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એચ/ઓ પછી આર.ટી.એ. જે લખેલ છે તેનો મતલબ રોડ ટ્રાન્સપોર્ટ એકસીડન્ટ થાય છે. એ વાત ખરી છે કે, દર્દી મેડીકલ એડવાઈઝની વિરૂધ્ધમાં હોસ્પીટલમાંથી જતો રહેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૬ થી પંચ સાહેદ દીવણભાઈ જોનાભાઈ પરમારને તપાસવામાં આવેલ છે તેઓએ આંક–P1/PW2 વાળા ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં પોલીસે પંચનામું કરવા બોલાવેલા અને

ગુનાવાળી જગ્યા બતાવેલ અને સહી કરવાનુ કહેતા અમોએ હાથના અંગુઠાનું નિશાન કરેલ તે સિવાય પંચનામાની કોઇ હકીકત અંગે અમોને જાત માહીતી નથી તેમ જણાવેલ છે.

વધુમાં ફરીયાદપક્ષે આંક–૫ થી ફરીયાદી કરણાભાઇ વસ્તાભાઇ પરમારનાઓ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન કરે છે અને જણાવે છે કે, માલવાસ ગામે પ્રાથમિક શાળાની પાછળ જતા રીક્ષાના ચાલકે પોતાના કબજાની રીક્ષા કુલ સ્પીડમાં હંકારતા રીક્ષામાંથી નીચે પડી ગયેલ.. પરંતુ સદરહુ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, જે રીક્ષામાં લાંબડીયાથી મારા ગામ માલવાસ જતો તે રીક્ષામાં બીજા પણ પેસેન્જરો બેસેલ હતા અને રીક્ષામાં બેસેલ બીજા મુસાફરોને ઇજા થયેલ નહી. આમ આ હકીકત જોતાં હાલના ફરીયાદી રીક્ષામાંથી પડી ગયેલ છે અને તેઓને ઇજા થયેલ છે. તો ફરીયાદી જણાવે છે તેમ રીક્ષા પુરઝડપમાં હોત તો રીક્ષા પલટી મારી ગઇ હોત અથવા રીક્ષામાં બેસેલ અન્ય પેશન્જરોને પણ ઇજા થયેલ હોત પણ ફરીયાદપક્ષના કેસની વિગત જોતાં બીજા કોઇ પેસન્જરને ઇજા થયેલ નથી. વધુમાં ફરીયાદીએ બચાવપક્ષે કરવામાં આવે ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે મે મારી ફરીયાદમાં એવું લખાવેલ નથી કે મને પગમાં ફેકચર થયેલ અને ગંભીર ઇજાઓ થયેલ. વધુમાં સદર કામે ફરીયાદીના જણાવ્યા પ્રમાણે રીક્ષામાં પાંચ પેસેન્જરો બેસેલા હતા. ત્યારે ત.ક.અમલદાર આવા રીક્ષામાં બેસેલા અને જેઓએ બનાવ નજરે જોયેલ છે તેવા પેસેન્જરોના નિવેદનો લઇ શકતા હતા, પરંતુ ત.ક.અમલદાર ધ્વારા આવા કોઇ પેસેન્જરોના નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારે હાલનો બનાવ એકમાત્ર રીક્ષા ડ્રાઇવરની ભુલ, બેદરકારી અને પુરઝડપભર્યા ડ્રાઇવીંગના કારણે બનેલ હોવાનું એકમાત્ર ફરીયાદીની જુબાની આધારે નકકી થઇ શકે નહી. કારણ કે, બચાવપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે, જો રીક્ષા પુરઝડપે ચાલતી હોય તો અન્ય પેસેન્જરો પણ રીક્ષામાંથી નીચે પડી ગયા હોત, પરંતુ આ કામે એકમાત્ર ફરીયાદી રીક્ષામાંથી નીચે પડી ગયેલ છે. આ હકીકત જોતાં ફરીયાદીની પણ બનાવ બનવા પાછળ નિષ્કાળજી હોઇ શકે. વધુમાં સદર ફરીયાદી માલવાસ ગામે પ્રાથમિક શાળાની પાછળ જતા રીક્ષાના ચાલકે

પોતાના કબજાની રીક્ષા કુલ સ્પીડમાં હંકારતા રીક્ષામાંથી નીચે પડી ગયેલાની હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ છે, પરંતુ રીક્ષા ચાલકે બેદરકારીપૂર્વક પોતાની રીક્ષા હંકારી લાવી અકસ્માત કરેલ હોય તે સંદર્ભે પુરાવાની ચર્ચા કરીએ તો, ફરીયાદીએ પોતાની આંક–૫ વાળી જુબાનીમાં બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ગતી કેટલી હતી તેમજ તે વાહનનો નંબર શું હતો તેવો કોઇ પુરાવો આપેલ નથી. જેથી ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં હાલના અકસ્માતવાળા બનાવ બાબતે ગંભીર શંકા ઉત્પન્ન થયેલાનું જણાઇ આવે છે.

વધુમાં ફરીયાદપક્ષે આંક–૭ થી સાહેદ નરેશભાઈ કરણાભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ બનાવ વખતે હાજર ન હતા પરંતુ બનાવની જાણ તેઓના પિતાએ ઘરે આવીને કરેલાની હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ છે. સદરહુ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે બનાવ બન્યો ત્યારે તેઓ તેમના ઘરે હતા અને બનાવ બનતો મે નજરો નજર જોયેલ નથી અને સદર બનાવની જાણ મને મારા પિતાએ કરેલી.

વધુમાં આ કામે આંક–૯ થી તપાસેલ ત.ક.અમલદારશ્રીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ રોડ ઉપર બનેલો તેમજ રોડ ઉપર ઘણાબધા સાધનોની અવર જવર રહે છે. વધુમાં ત.ક.અમલદાર આ કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ ન હોવાની હકીકત પણ કબુલ રાખેલ છે. વધુમાં ત.ક.અમલદાર ધ્વારા આ કામે રીક્ષામાં બેસેલ અન્ય પેસેન્જરોના કોઈ નિવેદનો લીધેલ નથી અથવા તો તેઓને આ કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. તે હકીકત પણ ફરીયાદપક્ષના કેસ અંગે તથા ત.ક.અમલદારની નિષ્પક્ષ તપાસ અંગે શંકા ઉપજાવે છે અને જયારે કોઈપણ બાબત અંગે શંકા ઉપજે તો તેનો લાભ ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપીને મળવો જોઇએ.

વધુમાં આ કામે આંક–૧૧ થી તપાસવામાં આવેલ ડોકટર સાહેદે પણ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, કોઇ વ્યકિત રોડ ઉપર જતો હોય અને રોડ ઉપર ખાડો આવે અને તેનો પગ

ફસાઇ જાય અને તે પગ નીકાળવા જાય તો ઇજા નં.૧ થઇ શકવાનો સંભવ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ઇજા નં.ર કોઇ વ્યકિત ડામરના ખરબચડા રોડ ઉપર જતો હોય અને પડી જાય તો થઇ શકે તેવા પ્રકારની છે. આમ, આ હકીકત જોતાં ફરીયાદી / ઇજા પામનારને થયેલ ઇજા અંગે પણ શંકા ઉત્પન્ન કરવામાં બચાવપક્ષ સફળ રહેલ હોય આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર જણાઇ આવે છે.

(૧૪) વધુમાં કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય પરંતુ તે કાનૂની પુરાવાનું સ્થાન લઇ શકે નહી. હવે જયારે ફરીયાદી / ઇજા પામનારની જુબાનીમાં જ રીક્ષા કેટલી સ્પીડમાં જતી હતી અને સદર અકસ્માતમાં સંડોવાયેલ રીક્ષાનો નંબર જણાવેલ નથી તેમજ રીક્ષામાં અન્ય બેસેલ કોઇ પેસેન્જરોને ઇજા થયેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને માત્ર ફરીયાદીને જ ઇજા થયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય, જેથી આ બનાવ બેદરકારીપૂર્વકના કૃત્યના કારણે બનેલ હોય તે બાબતે શંકા ઉદભવે છે. વધુમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે તથા ફરીયાદપક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાથી એક બાજુ એમ જણાય આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા એક બાજુ એમ જણાય આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરેલ છે તેમ કહી શકાય નહી. જેથી ફરીયાદપક્ષે રહેલ શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગાર ભલે છટકી જાય, પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **કૈલાસ ગોર વિ. સ્ટેટ ઓફ આસામ,**

**એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાના નં.૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત જોતાં તેના પેરા–૨૮ માં ઠરાવેલ છે કે,

> *“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

(૧૫) સદરહુ કામે આરોપીની ફરીયાદ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુન્હાનુ તહોમત છે ત્યારે ફરીયાદ પક્ષે નીચેના તત્વો સાબિત કરવા પડે

૧ જાહેર રસ્તા પર વાહન ચલાવવુ અથવા સવારી કરવી.

૨ બેફામ પણે અથવા બેદરકારી પુર્વક આવુ વાહન ચલાવવુ અથવા સવારી કરવી.

૩ જે કારણે બહુજન સમુદાયનું જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

આમ, ફરીયાદીની જુબાની જોતાં એકમાત્ર ફરીયાદી હાલનો બનાવ આરોપીની ભુલ, બેદરકારી કે ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે બનેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ફરીયાદીને સદરહુ હકીકતને પંચ સાહેદોથી માંડી અન્ય કોઈ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે એકમાત્ર ફરીયાદીની જુબાનીના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં ફરીયાદપક્ષે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો ગુનો સાબિત કરવો હોય તો આ કામના આરોપી બનાવ સમયે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે, બેદરકારીથી અને મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે વાહન ચલાવતા હતા તે શંકારહિત સાબિત કરવું પડે અને ફરીયાદપક્ષ જયાં તે સુધી શંકારહિત સાબિત ના કરી શકે ત્યાં સુધી આરોપી દોષિત ઠરાવી શકાય નહી.

(૧૬) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ શંકારહિત પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદા નં.૧ નો નિર્ણય ''નકારમાં'' ઠરાવી, મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપી **શૈલેષભાઈ રામજીભાઈ પરમાર,** રહે.દેમતીમેરા, તા.પોશીના, જી.સાબરકાંઠાનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર

ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

હુકમ આજ તા. **૧૦** મી, માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.** ૧૦/૦૬/૨૦૨૬
**સ્થળ :** પોશીના

(**હરસિધ્ધકુમાર કે. સન્યાલ**)
જયુડી. મેજી. ફ.ક., પોશીના
જજ કોડ નં.જીજે૦૧૪૬૬

//A.B.K.//